# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-૩/૧૯-૨૦/૨૯૨–૩** **તા. ૧૫–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨૦/ક્વા-૩/૧૯-૨૦**

અરજદાર: શ્રી રમેશભાઈ વાલાભાઈ ગમઢા ગામ: નિકાવા
રજૂઆત કરનાર: અરજદાર શ્રી રમેશભાઈ વાલાભાઈ ગમઢા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એન.પી.શાહ પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર શ્રી રમેશભાઈ વાલાભાઈ ગમઢા હાજર રહેલ હતા. કાર્યપાલક ઈજનેર શ્રી એન.પી.શાહ પીજીવીસીએલ વિભાગીય કચેરી - જામનગર ગ્રામ્ય હાજર રહેલ હતા. જેમાં અરજદારના કેઈસ ની વધુ વિગતો રજુ કરવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપેલ – ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર શ્રી રમેશભાઈ વાલાભાઈ ગમઢા ગામ -નિકાવા, તેઓની અરજીના નોંધણી નં: ૨૦/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓએ ખેતીવાડી હેતુ માટે તત્કાલ યોજના હેઠળ વીજજોડાણ ની અરજી અન્વયે – તા.૨૧–૦૬–૧૪ ના રોજ નિયત ભાવપત્રક ની રકમ ભરપાઈ કરેલ તે મુજબ – વીજલાઈન ની લંબાઈ ઓછી ઉભી કરેલ છે, જેથી – તફાવત ની રકમ પરત મેળવવા માટે પેટા વિભાગીય કચેરીમાં અરજી કરેલ હતી. પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ **અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-** ફરીયાદી શ્રી રમેશભાઇ વાલાભાઇ ગમઢા, ગામઃ નિકાવા, તા. કાલાવડ જીઃ જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧) મુળ અરજદારનુ નામ | : શ્રી રમેશભાઇ વાલાભાઇ ગમઢા ગામઃ નિકાવા, તા. કાલાવડ જીઃ જામનગર |
| ૨) અરજીતારીખ | : ૦૬.૦૯.૨૦૧૨ નાં રોજ પહોચ નં.૨૨૭૧૫૧ થી રૂા.૨૦૦/- ભરેલ. |
| ૩) સ્કીમ | :નોરમલ થી તત્કાલ-૨૦૧૩ની સ્કીમમાં (તા. ૧૧.૧૧.૨૦૧૩ થી રૂા.૫૦૦/- ભરેલ) |
| ૪) રે.સં.નં. મા માંગણી | : ૪૧૫ પૈકી માં ગ્રાહકની મુળ અરજી મુજબ (નવા સર્વે નંબર ૪૧૫ પૈકી-૧) |
| ૫) વિજભાર માંગણી | : ૭.૫ હો.પા. |
| ૬) નિયત ભાવપત્રક આપેલ | : તા. ૨૬.૦૫.૨૦૧૪ નાંરોજ ભાવપત્રક તત્કાલ યોજના-૨૦૧૩ મુજબ |

સદર કેસમાં ખેતીવાડી નવા વિજકનેકશન માટેની અરજી તા.૦૬.૦૯.૨૦૧૨ નાં રોજ શ્રી રમેશભાઇ વાલાભાઇ ગમઢા ના નામથી નોંધાવવામાં આવેલ હતી. મુળ અરજી તેમના રેં.સં.નં. ૪૧૫ પૈકી માટે શ્રી રમેશભાઇ વાલાભાઇ ગમઢાના નામથી કરેલ હતી. અરજદારે તેની મુળ અરજી નોરમલ માંથી સ્વીચ ઓવર કરીને તત્કાલ યોજના-૨૦૧૩માં તા.૧૧.૧૧.૨૦૧૩ નાં રોજ અરજી કરેલ. સદર અરજી ઉપરથી અરજદારના મુળ માંગણી વાળા રે.સં.નં ૪૧૫ પૈકીના બોર ઉપર સર્વે કરતાં લાઇન લંબાઇ ૨૦૦ મીટર થયેલ જેનુ અંદાજપત્ર રૂા. ૧૧૬૮૬૩/-નુ તા.૨૬.૦૫.૨૦૧૪ નાં રોજ આપવામાં આવેલ હતુ, જે અરજદારે તા.૨૧.૦૬.૨૦૧૪ નાં રોજ પહોચ નંબર YD ૭૩૩૧૫૪-૫૫-૫૬ થી રૂા.૧૧૬૮૬૩/- ભરપાઇ કરેલ છે. સદર ભાવપત્રકમાં દર્શાવેલ મુજબ ૨૦૦ મીટર લાઇન ચાર્જના કંપનીના નિયમ મુજબ રૂા. ૩૩૩૧૪/- વસુલવામાં આવેલ છે. સદર કનેકશન માટે લાઇન કામ સર્વે મુજબ થયેલ છે. પરંતુ અરજદારે તેની ફરીયાદ અરજીમાં જણાવેલ છે કે લાઇન લંબાઇ ઓછી થયેલ છે તો વધારાની લાઇન લંબાઇની રકમ રીફંડ આપવી. સદર ફરીયાદ મુજબ નિકાવા પેટા વિભાગના જુનીયર ઇજનેર (RE) અને નાયબઇજનેર (O & M) દ્વારા સ્થળ ઉપર જઇ મેજરમેન્ટ સ્કેચના આધારે સદર વીજ લાઇનની લંબાઇ માપતા ૧૯૬ મીટર થયેલ છે. જયારે ગ્રાહક પાસેથી ૨૦૦ મીટરનો ચાર્જ વસુલવામાં આવેલ છે. આમ સદર ફરીયાદ મુજબ તફાવતના ૪ મીટર લાઇનનો ચાર્જ રૂા. ૬૬૮.૨૮ રીફંડ આપવાપાત્ર થાય છે.

૩.૧ ફોરમ કમિટી મીટીંગ તા.૦૩–૧૨–૧૯ ના અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત બાબતે કરાયેલ રજુઆત મુજબ– અરજદારની બાજુના ખેડુત શ્રી વિનોદભાઈ હરજીભાઈ સભાયા દ્વારા માંગેલ ખેતીવાડી વીજજોડાણ ની વિગતો ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

# :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા ખેતીવાડી નવા વિજકનેકશન માટેની અરજી તા.૦૬.૦૯.૨૦૧૨ નાં રોજ શ્રી રમેશભાઇ વાલાભાઇ ગમઢા ના નામથી નોંધાવવામાં આવેલ હતી. મુળ અરજી તેમના રેં.સં.નં. ૪૧૫ પૈકી માટે શ્રી રમેશભાઇ વાલાભાઇ ગમઢાના નામથી કરેલ હતી. અરજદારે તેની મુળ અરજી નોરમલ માંથી સ્વીચ ઓવર કરીને તત્કાલ યોજના-૨૦૧૩માં તા.૧૧.૧૧.૨૦૧૩ નાં રોજ અરજી કરેલ– જે અન્વયે અરજદારને તા.૨૦–૦૫–૧૪ ના રોજ ડી–કેટેગરી મુજબ નુ ભાવપત્રક રૂ.૧,૧૬,૮૬૩/– અપાયેલ હતુ, જેમા ૨૦૦ મીટર ૧૧ કેવી વીજલાઈન – ૦૧ નંગ ટેપીંગ અને – ૦૧ નંગ ટ્રાન્સફોર્મર પ્રપોઝ વર્ક તરીકે નોંધ કરેલ છે. સદર ભાવપત્રક અરજદાર દ્વારા તા.૨૧–૦૬–૧૪ ના રોજ ભરપાઈ કરાયેલ હતુ. જે અન્વયે સદર વીજજોડાણ નિયમાઘીન તા.૧૭–૦૧–૧૫ ના રોજ – રીલીઝ કરાયેલ હતુ.

૪.૨ અરજદારની રજુઆત મુજબ – તેઓના વીજજોડાણ માટે ઉભી કરાયેલ વીજલાઈન ની લંબાઈ ઓછી હોય – જેથી, ભાવપત્રક મુજબ ભરપાઈ કરેલ વીજલાઈનની રકમ જમા આપવા વિનંતી કરેલ છે. સદર બાબતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ મુદદા નં. ૩.૧ મુજબ ની વિગત નીચે પ્રમાણે છે.

- તા.૦૯–૧૨–૧૯ ના રોજ અરજદારના સ્થળ ઉપર કરાયેલ જુનિયર ઈજનેર નિકાવા દ્વારા કરાયેલ રોજકામ અને કેઈસ ફાઈલ મુજબ – અરજદારનુ સદર વીજજોડાણ ડો. ભાયાણીના ટ્રાન્સફોર્મર ઉપરથી ટેપીંગ લઈ અને ૨૦૦ મીટર વીજલાઈન ઉભી કરવાનુ સર્વે થયેલ છે. તે મુજબજ વીજજોડાણ રીલીઝ કરાયેલ છે. જેની લંબાઈ ૧૯૬ મીટર થાય છે.
- ઉપરોકત બાબતે – અરજદારની બાજુમા નવુ ખેતીવાડી વીજજોડાણનુ કામ થતા – અરજદારે તા.૧૦–૧૨–૧૪ અને તા.૧૦–૦૭–૧૫ ના રોજ નાયબ ઈજનેર કાલાવડ (વેસ્ટ)માં રજુઆત કરેલ– તે મુજબ તેઓની માંગણી મુજબ નુ વીજજોડાણ – ૧૦ મીટર લાઈન ઉભી કરીને વીજજોડાણ આપવામા આવેલ હોવાથી તફાવતની રકમ જમા આપવા વિનંતી કરેલ છે.

૪.૩ અરજદારની બાજુના ખેડુત શ્રી વિનોદભાઈ હરજીભાઈ સભાયા ને સામાન્ય યોજના હેઠળ ખેતીવાડી વીજજોડાણ માટે તા. ૧૬.૦૪.૧૯૯૮ કરાયેલ અરજીના અનુસંધાને તા.૦૧–૦૫–૧૪ ના રોજ કરાયેલ સર્વે મુજબ – રમેશભાઈ ઠેસીયાના ટ્રાન્સફોર્મર માથી ૪૦૦ મીટર વીજલાઈન પ્રપોઝ કરેલ છે. તે મુજબ – તેઓને ભાવપત્રક તા.૦૩–૦૬–૧૪ ના રોજ અપાયેલ છે. જે તા.૦૬–૦૬–૧૪ ના રોજ ભરપાઈ કરેલ છે. જે વીજજોડાણનુ કામ તા.૨૩–૦૮–૧૪ ના રોજ વીજલાઈન ની કામગીરી પૂર્ણ કરેલ છેતે મુજબ ૮૮ મીટર વીજલાઈન ઉભી કરાયેલ છે. સદર અરજદારનુ વીજજોડાણ તા.૨૯–૧૨–૧૪ ના રોજ રીલીઝ કરાયેલ છે. આમ, અરજદારનુ સદર વીજજોડાણ ટી.એસ. મુજબ થયેલ નથી.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ અને ૪.૩ મુજબ નીચે પ્રમાણે વિગતો સ્પષ્ટ થાય છે.

| વિગત | શ્રી રમેશભાઇ વલ્લભભાઇ ગમઢા ગામ: નિકાવા | શ્રી વિનોદભાઇ હરજીભાઇ સભાયા ગામ : નિકાવા |
|---|---|---|
| ખેતીવાડી નવા કનેકશન માટેની અરજી તારીખ | તત્કાલ માટેની સ્વીચ ઓવર અરજી તા.૧૧.૧૧.૧૩ | SPA SCHEME ૧૬.૦૪.૧૯૯૮ |
| અંદાજપત્ર આપ્યા તારીખ અને રકમ | **૨૦.૦૫.૨૦૧૪** | **૦૩.૦૬.૨૦૧૪** |
| અંદાજપત્ર મુજબ લાઇન લંબાઇ | ૨૦૦ મીટર | ૨૦૦ મીટર |
| અંદાજપત્ર ભરપાઇ તારીખ | ૨૧.૦૬.૨૦૧૪ | ૦૬.૦૬.૨૦૧૪ |
| ખરેખર લાઇનકામ લંબાઇ (કોન્ટ્રાકટરના બીલ મુજબ ) | ૩૦ મીટર | ૨૦૦ મીટર |
| રીલીઝ કરવા મટીરીયલ આપેલ તેનો ગેટપાસ તારીખ | **૧૭.૦૧.૨૦૧૫** | **૨૯.૧૨.૨૦૧૪** |
| હાલ સ્થળ ઉપર તપાસ કરતા ઉભી કરાયેલ લાઇન લંબાઇ તારીખ ૦૯.૧૨.૨૦૧૯ ના સ્થળ રોજકામ મુજબ | ૯ મીટર | ૧૮૮+૮૮=૨૭૬ મીટર |
| ખેતીવાડી વિજ જોડાણ આપવાની મહતમ સમય મર્યાદા | તત્કાલ કેટેગરીમાં ૬૦ દિવસ | SPA કેટેગરીમાં ૧૨૦ દિવસ |

૪.૫ ફરીયાદી અરજદારની બાજુમા આવેલશ્રી વિનોદભાઈ હરજીભાઈ સભાયા નુ સામાન્ય યોજના હેઠળ નુ વીજજોડાણ તા.૨૯–૧૨–૧૪ ના રોજ રીલીઝ કરેલ છે, જે તા.૦૯–૧૨–૧૯ ના રોજ કરાયેલ સ્થળ રોજકામ મુજબ વાસ્તવિક રીતે ૧૯૮+૮૮= ૨૭૬ મીટર એચ.ટી.લાઈન ઉભી થયેલ છે, પરંતુ કોન્ટ્રાકટર ના બીલ મુજબ – ટી.એસ. નં.– ૫૯૪૪૨૨૩ મુજબ –૨૦૦ મીટર મુજબના સ્પાન પ્રમાણે 55 sq.mm. AAAC કન્ડકટર ઈસ્યુ અને વપરાશ થયેલ છે.

જયારે સદર ફરીયાદી અરજદારના તત્કાલ યોજના અન્વયે વીજજોડાણ માટે – વીજલાઈન ની કામગીરી પીજીવીસીએલ કંપની દ્રારા કિરણ ઈલેકટ્રીક ના કોન્ટ્રાકટર ને વર્ક ઓર્ડર નં.– જેઆરડી/ટેક–૨/૧૪/૫૩૭૯ તા.૨૨–૦૮–૧૪ મુજબ – સદર કામના બીલમાં જણાવેલ ટી.એસ. નં.– ૫૩૫૨૫૪૩ મુજબ –૩૦ મીટર ના સ્પાન પ્રમાણે 55 sq.mm. AAAC કન્ડકટર ઈસ્યુ અને વપરાશ થયેલ છે. પરંતુ, તા.૦૯–૧૨–૧૯ ના રોજ કરાયેલ રોજકામ મુજબ – ફરીયાદી અરજદાર શ્રી રમેશભાઈ વાલજીભાઈ ગમઢાનું જોડાણ સદર એચ.ટી.લાઈનમાથી <u>૦૯ મીટર</u> ટેપીંગ કરીને તા.૧૭–૦૯–૨૦૧૪ ના તત્કાલ યોજના હેઠળ રીલીઝ કરવામા આવેલ છે.

આમ, બંને ગ્રાહકોની ટી.એસ. સ્થળની વાસ્તવિક પરિસ્થીતી મુજબ રીવાઇઝ કરવી તથા ફરીયાદી ગ્રાહક પાસેથી જે વધારાની લંબાઈનો ચાર્જ વસુલ કરેલ છે. તે રીફંડ આપવાની પીજીવીસીએલને આ તબકકે સુચના આપવામા આવે છે.

૪.૬ સદર કેઈસ મા, સામાન્ય યોજના હેઠળના જોડાણ ની પ્રપોઝલ તથા Technical Senction માં દર્શાવેલ રૂટ કરતા – અન્ય રૂટ પર કામગીરી કરવામા આવેલ છે. પરીણામ સ્વરૂપ સામાન્ય યોજના હેઠળ તથા તત્કાલ જોડાણના કોમનરૂટ પર કામગીરી થવાથી – વાસ્તવિક ટી.એસ. મુજબ કામગીરી થયેલ નથી. આ સંજોગોમાં સ્થળની વાસ્તવિક પરીસ્થિતી મુજબ બંને ટી.એસ. રીવાઇઝ કરવી. સર્વેમાં દર્શાવેલ લાઈન ની લંબાઈ તેમજ કોન્ટ્રાકટર ના બીલ મા દર્શાવેલ લાઈન ની લંબાઈ – વાસ્તવિક લાઈન ની લંબાઈ થી તદન અલગ જોવા મળેલ છે.

તદઉપરાંત ખેતીવાડી તત્કાલ કેટેગરીમાં જોડાણ આપવાની સમયમર્યાદા ૬૦ દિવસની હોય – તે મુજબ જો જોડાણ અપાયેલ હોત તો તા.૨૦–૦૮–૧૪ સુધીમાં સદર જોડાણ અપાયેલ હોત તો સદર તકરાર ઉભી ન થાત.

આમ, સદર કિસ્સામાં જે સામાન્ય યોજના હેઠળ જોડાણ અપાયેલ છે ત્યારબાદ સદર વીજજોડાણ તત્કાલ યોજના હેઠળ અપાયેલ છે.સદર કિસ્સામાં સમયમર્યાદામાં નિયમાધીન કાર્યવાહી કરાયેલ ન હોવાના કારણોસર અરજદાર પાસેથી પુરતી કિમત વસુલી શકાય તેમ નથી. આવા સંજોગોમાં કસુરવાર કર્મચારી / અધિકારી સામે કંપનીના નિયમ મુજબ શિસ્તભંગની યોગ્ય કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે. તેમજ, અરજદારને મુદદા

નં. ૪.૫ મુજબ ની વિગતે વીજલાઈન તફાવતની રકમ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા રીફંડ આપવા બાબતેનો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૬ મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯